सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તા.** | ૦૯/૦૭/૨૦૧૯ |
| **રજુ કર્યા તા.** | ૦૯/૦૭/૨૦૧૯ |
| **તપાસેલ સાક્ષી** | ૦૧ |
| **ફેંસલ કર્યા તા.** | ૧૧/૧૧/૨૦૨૫ |
| **સમય મર્યાદા** | વર્ષ: માસ: દિવસ: |

**મે. ૨૨ માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. ૨૨, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૬૦૯૮૨/૨૦૧૯**

**આક: - ૦૬**

ફરિયાદી :- શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :- ખેમાજી @ ખીમજી @ શંકર સન/ઓફ ભેમાજી નંગજી સરકોટા,ઉ.વ.- ૪૨,
રહે. શાકરખાઇ તા. સાંબલા થાના.નીઠુવવા જી.ડુંગરપુર,રાજસ્થાન.

**ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૧ તથા ૧૧૪ મુજબ.**

**સરકાર તરફે :- વિ. એ. પી. પી. શ્રી વી. બી. સોલંકી.**

**આરોપી તરફે :- સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબ.**

**-// ચુકાદો //-**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદીશ્રીને ત્યાં ઘરઘાંટી તરીકે નોકરી કરતાં હતાં અને ચાર્જશીટના કોલમનં.-૧ મા જણાવે આરોપી બન્ને સાથે મળી ફરીયાદીશ્રીના ઘરમાંથી સાત તોલા વજનની સોનાની રૂદ્રાક્ષ માળા તથા સોનાની ચેઇન ત્રણ તોલા વજનની તથા વીંટી ત્રણ તોલા વજનની તથા હીરાની વીટી મળી કુલ્લે રૂા.૨,૨૫,૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ તમામ મુદામાલ કોલમ નં.-૧ માં જણાવેલ આરોપી લઇ નાસી જઇ કોલમ નં.- ૨ જણાવેલ આરોપી જે તે વખતે તપાસ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ અને ચાર્જશીટના કોલમ નં.-૧ મા જણાવેલ આરોપી નાસતો ફરતો હોય જે તપાસ દરમ્યા મળી આવી પકડાઇ જઇ બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ચોરી કરી ગુનો કર્યા હોવા બાબતેની ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ એલીસબ્રીજ પો.સ્ટે.માં તા:૦૯/૦૭/૨૦૧૯ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૧ તથા ૧૧૪ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ફસ્ટ ગુના રજી.નં. ૬૭૬/૨૦૧૦ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જતાં હાલના આરોપીઓ સામે ફોજદારી કાર્યસંહિતાની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીની સામે ધોરણસરના સમન્સ તેમજ વોરંટો ઇસ્યુ કરવા છતાં તેમજ જામીનદારને નોટીસ ઇસ્યુ કરવા છતાં વોરંટો બજતાં ના હોય અને આરોપી મળતાં ના હોય તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ આંક-૦૧ લગત વધુ હુકમ કરી સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબા કર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ છે અને સદર કામ ફરિયાદપક્ષના પુરાવો નોંધવા પર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૨ | મનોજભાઇ ધનશ્યામભાઇ થદાણીની સોગંદ પરની જુબાની. | ફરિયાદી સાહેદ |

**-: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૩ | ફરીયાદ. |
| ૨. | ૦૪ | પંચનામું. |

**(૪)** સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદીએ આંક- ૦૫ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો થયાનું જાહેર કરતાં, તેમની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** વધુમાં, આ કામે ફો.કા.સં. ની કલમ-૩૧૩ ની જોગવાઇઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહીમાં ફરિયાદપક્ષના સાહેદો તપાસાઇ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યાર પહેલાં સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઇ છે. જેથી આરોપી વિરૂઘ્ધ ફરિયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઇએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂઘ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપીના વિશેષ નિવેદનનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વધુમાં, ફો.કા.સં. ની કલમ-૩૧૩(બી) ધ્યાને લેતાં કોર્ટ ઘ્વારા જયારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી કરેલ હોય ત્યારે ફો.કા.સં. ની કલમ-૩૧૩(૧)(બી) માં જણાવેલી તપાસણી વગર કેસનો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચચા" મુજબ ફો.કા.સં. ની કલમ-૩૧૩ અન્વયેનું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ / અથવા જરૂર જણાય આવતી નથી.

**(૬)** ત્યારબાદ સદર કામે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ફરીયાદીશ્રીને ત્યાં ઘરઘાંટી તરીકે નોકરી કરતાં હતાં અને ચાર્જશીટના કોલમનં.-૧ મા જણાવે આરોપી બન્ને સાથે મળી ફરીયાદીશ્રીના ઘરમાંથી સાત તોલા વજનની સોનાની રૂદ્રાક્ષ માળા તથા સોનાની ચેઇન ત્રણ તોલા વજનની તથા વીંટી ત્રણ તોલા વજનની તથા હીરાની વીટી મળી કુલે રૂા.૨,૨૫,૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ તમામ મુદામાલ કોલમ નં.-૧ માં જણાવેલ આરોપી લઇ નાસી જઇ કોલમ નં.- ૨ જણાવેલ આરોપી જે તે વખતે તપાસ દરમ્યાન મળી આવી પકડાઇ ગયેલ અને ચાર્જશીટના કોલમ નં.-૧ મા જણાવેલ આરોપી નાસતો ફરતો હોય જે તપાસ દરમ્યા મળી આવી પકડાઇ જઇ બન્ને આરોપીઓ

એ એકબીજાની મદદગારી કરી ચોરી કરી ગુનો કરી આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૧ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.
(૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

(૯) **મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :-**

**(૯.૧)** હવે, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં સૌ પ્રથમતો મુળ ફરીયાદીની તબીયત નાદુરસ્ત હોય તેઓ નામદાર કોર્ટમાં હાજર રહી શકે તેમ ન હોવાથી આંક-૦૨ થી ફરિયાદી સાહેદ મનોજભાઇ ધનશ્યામભાઇ થદાણીનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૧૦ ની સાલમાં બનેલો બનાવ ના દિવસે મોડી રાત્રે તેઓના ઘરઘાંટી ભેરુજીનો સબંધી શંકરજી તેને મળવા આવેલો અને બજા દિવસે જતા રહેલ ત્યારે તેઓના પિતાજીએ તેમની તિજોરી ચેક કરેલ તો તેમાથી રુદ્રાક્ષની માળા તથા સોનાની ચેઇન તથા વીંટી તથા હીરાની વીંટી જણાઇ આવેલ નહી જેથી સદર બનાવ બાબતે તેઓના પિતાજીએ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેઓના પિતાજીની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક- ૦૩ થી રજુ રાખેલ, વધુમાં તેઓના પિતાની તબીયત નાદુરસ્ત હોય નામદાર કોર્ટમાં હાજર રહી શકે તેમ નથી તેમજ મુદ્દામાલ રીકવર થયેલ નથી જેથી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવું તેઓના પિતાજીએ મૌખીકમા જણાવેલ છે.વધુમાં, તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. વધુમાં આરોપીઓ તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૦)** વધુમાં, સદર કામે ફરિયાદપક્ષે આંક-૦૪ થી રજુ પંચનામુ પુરાવામાં રજુ રાખેલ છે, પરંતુ સદર કામે ફરિયાદીએ આંક-૦૫ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઇ સાહેદોને

આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઈપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપીમાં ઉપયોગમાં લઈ વંચાણે લઈ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઈને પણ આ તબકકે ધ્યાને લઈને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે. આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીએ જ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી જગ્યાએ ફરિયાદીના સોનાના દાગીનાની ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઈ તેનો ઉપયોગ આરોપીની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, ફરિયાદપક્ષ હાલના આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, સદર કામે આરોપી મળી આવતાં ન હોય સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબ કાર્યવાહી કરી પુરાવો નોંધવાનો હુકમ કરવમાં આવેલ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૯૯ અને ૩૫૩(૬) ના પ્રબંધોનો તેના ઉદ્ધેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ સને- ૨૦૧૯ ની સાલનો જુનો છે. આ કામે હાલના આરોપીની સામે એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે આરોપીની સામે તેઓને નિ:શંકપણે તકશીરવાન ઠરાવી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, ત્યારે ફકત આરોપીની ગેરહાજરીને કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આમ, આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૫૩(૬) અનુસાર આરોપીનાઓની સામેનો કેસ ફેંસલ કરવો ન્યાયના વિશાળ હિતમાં જરૂરી જણાય છે.

**(૧૨)** આમ, જયારે ફરિયાદી કે જે ભોગ બનનાર સાહેદ છે, તે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય અને ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતાં હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઈ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઈએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩)

ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને (ર) ૨૦૦૮(૩) - ક્રિ. લો. જનરલ - ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરિયાણા - સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.

**(૧૩)** આમ,સદર કામે ફરિયાદીની આંક-૦ર થી રેકર્ડ કરેલ જુબાનીથી ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતને સમર્થન કરતો હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં અને રજુ પુરાવાથી ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતો મુજબની આક્ષેપીત ગુનાહીત કલમો મુજબનો ગુનો સદર કામના હાલના આરોપીએ કરેલ હોય તેમ જણાઇ આવતું નથી. આમ, સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદીએ આરોપી સામેના આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વોને સમર્થન આપેલ ન હોય તેઓ ફરિયાદ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, તેમ માનવાને કારણ રહે છે. જેથી ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાથી આરોપીને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેમ નથી તેમ મારૂં માનવું છે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર - ૦૧ નો નિર્ણય **" નકારમાં "** ઠરાવી મુદ્દા નંબર - ૦ર અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

૧) સદર કામે એલીસબ્રીજ પો.સ્ટે. ના ફસ્ટ ગુના રજી. નં. ૬૭૬/૨૦૧૦, ક્રિમી. કેસ **નં.૬૦૯૮૨/૨૦૧૯** ના કામે આરોપી ખેમાજી @ ખીમજી @ શંકર સન/ઓફ ભેમાજી નંગજી સરકોટા,રહે. શાકરખાઇ તા. સાંબલા થાના, નીઠુવવા જી. ડુંગરપુર, રાજસ્થાનનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે સાથે સાથે સી.આર.પી.સી. કલમ-૨૯૯ તથા ૩૫૩(૬) વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૧ તથા ૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર) આ કામે આરોપીએ સંભવિત અપીલના હેતુસર અગાઉ રજુ કરેલ જામીન ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબના ગણી લેવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૧ મી માહે-નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧/૧૧/૨૦૨૫.
સ્થળ :- અમદાવાદ.

(ડો. ભારતી ગોવિંદભાઈ રાઠોડ)
૨૨ માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
UNIQUE CODE GJ - 01481

**#J P SADAT#**